ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:01 તા.06.09.2021

## ગાંધીનગર પ્રદેશ કાર્યાલય" શ્રી કમલમ" ખાતે મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ ભાજપનો કેસરિયો ધારણ કર્યો.

-------------------------------

## હવે ભારત એ ગરીબ અને લાચારનો દેશ નથી રહ્યો ,ભારતની સામે આંખ ઉઠાવીને જોવાની ત્રેવડ દુશ્મનોની પણ નથી- શ્રી ગોરધનભાઇ ઝડફીયા.

-------------------------------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમા જણાવે છે કે આજ રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય" શ્રી કમલમ" ખાતે ગુજરાતના જુદા જુદા વિસ્તારમાંથી આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધાનભાઇ ઝડફીયા,શ્રી મહેન્દ્રભાઇ પટેલ,ગુજરાત પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજી,ધારાસભ્યશ્રીઓ ડી.જી ઝાલાવાડીયા,પ્રફુલભાઇ પાનસુરિયાની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ ભાજપનો ખેસ ધારણ કર્યો. કાર્યકરોએ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહની રાષ્ટ્રીય વિચારધારાથી પ્રેરાઇ અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે.

આ કાર્યક્રમમાં પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ વિશેષ સંબોધન કરતા જણાવ્યું કે ભારત માતા કી જય , વંદે માતરમ જેનો નારો રહ્યો છે તે પાર્ટીમાં રાજયના વિવિધ વિસ્તારમાંથી આવેલા કાર્યકરોનું ભાજપ વતી હૃદય પુર્વક સ્વાગત કર્યું હતું. આજે આમ આદમી પાર્ટીના હોદેદારો,પદાધિકારીઓ અને કાર્યકોર આજે રાષ્ટ્રવાદની વિચારધારા સાથે જોડાયેલા પક્ષ ભાજપમાં જોડાયા છે. આઝાદીના સાત દાયકા પછી આ દેશને દુનિયાના નકશામાં મુકવા બે ગુજરાતી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ આજે વિશ્વભરમાં ભારતનું નામ રોશન કરી રહ્યા છે. સુરતના એક ખુણામાં કદાચ થોડાક કાઉન્સીલર જીતી જાય એનાથી ગુજરાત બદલાય નહી . વિરોધપક્ષ રાષ્ટ્રની આપત્તી સમયે પડખે ઉભો રહે તેનું નામ વિરોધ પક્ષ. તેમણે વિશ્વાસ આપતા જણાવ્યું કે પહેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને હવે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીના નેતૃત્વમાં ગુજરાત આગળ વધી રહ્યું છે હવે ભારત એ ગરીબ અને લાચાર દેશ નથી રહ્યો ,ભારતની સામે આંખ ઉઠાવીને જોવાની ત્રેવડે વિશ્વના દુશ્મનોની પણ નથી રહી. આપ સૌ આવનાર સમયમાં ગરિબ માણસ અને છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં કામ કરવા આહવાહન કર્યું હતું.

આપ પાર્ટીના આગેવાન રહી ચુકેલા શ્રી બટુકભાઇએ સંબોધન કરતા જણાવ્યુ કે. આમ આદમી પાર્ટીને ગુજરાતમાં 120 સીટો આવશે તે જે લોકો દાવો કરે છે પરંતુ ગુજરાતમાં પાંચ સીટ એવી આપ પાર્ટીના હોદેદારો બતાવે કે જેમાં આપનો વિજય થાય તેમ બટુક ભાઇએ જણાવ્યું હતું,અને આવનાર વિધાનસભામાં આમ આદમી પાર્ટીને એક પણ સીટ નહી મળે. બટુક ભાઇએ અંતમા જણાવ્યું કે કેન્દ્રમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કામગીરી અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની કામગીરીથી પ્રભાવીત થઇ આજે મોટી સંખ્યામાં લોકો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમમાં પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયા, શ્રી એમ.એસ.પટેલ,પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજી, ધારાસભ્યશ્રીઓ ડી.જી ઝાલાવાડીયા,પ્રફુલભાઇ પાનસુરિયા,શ્રી જનકભાઇ સહિત હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર